ગાંધીનગર સમાચાર

# મહેસાણામાં રૂ. ૨૮૭ કરોડની પાણી પૂરવઠા યોજનાનું ખાતમુહૂર્ત

## ભૂતકાળમાં કોંગ્રેસના શાસનમાં માત્ર ૪૭૦૦ ગામોમાં પાણી પૂરવઠા યોજના હતી - માથાદીઠ ૪૫ લીટર પાણી મળતું આજે અમે માથાદીઠ ૧૫૦ લીટર પાણી આપીએ છીએ : પીવાના પાણી અને સિંચાઇમાં ગુજરાત આત્મનિર્ભર બને તે દિશામાં આગળ વધી રહ્યા છીએ : નિતીનભાઇ પટેલ

મહેસાણા, તા.૮

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ઉત્તર ગુજરાતના આર્થિક-વેપારના કેન્દ્ર મહેસાણામાં ૨૮૭ કરોડ રૂપિયાની પાણી પુરવઠા યોજનાઓના ખાતુમુહર્ત કરતાં જણાવ્યું કે, ભારતીય જનતા પાર્ટીની સરકારે નાગરિકોની પ્રાથમિક જરૂરિયાતો પૂરી કરવા માટેની અનેક યોજનાઓ શરૂ કરી અને પૂર્ણ પણ કરી દીધી છે.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ કહ્યું કે, ભૂતકાળમાં કોંગ્રેસના સાશનમાં લોકો ભુલાઈ ગયેલા, લોકોના પ્રશ્નો વિસરાઈ ગયેલા અમે લોકસમસ્યાના સમાધાન કરી પ્રશ્નો હલ કર્યા છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ભારતીય જનતા પાર્ટીએ એવી સંસ્કૃતિ વિકસાવી છે કે, જેના ભૂમિપૂજન થાય તેના લોકાર્પણ પણ ભાજપ સરકારના સમયમાં જ થઈ જાય છે. ભૂતકાળમાં ખાતમુહર્તનો પાયો નંખાઈ ગયા પછી ૧૨-૧૫ વર્ષ કોઈપણ પ્રકારની કામગીરી થાય નહીં અને યોજના માટે ફાળવેલું બજેટ ચાર ગણું થઈ જાય તેવી સ્થિતિ હતી.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, બે દાયકા એટલે કે વર્ષ ૨૦૦૦ પહેલાં કોગ્રેસના શાસનોમાં રાજ્યમાં માત્ર ૪૭૦૦ ગામોમાં પાણી પૂરવઠા યોજનાઓ હતી. ૨૪ ટકા લોકોને નળથી જળ મળતું અને બે બડા પાણી માટે બહેનોને ગાઉના ગાઉ જવું પડતું. જૂથ પાણી પૂરવઠા યોજનાઓની પાઈપલાઈન ભાંગી તૂટી હાલતમાં હોય અને છેવાડાના








ગામને તો પાણી જ ન મળતું હોય એવી દશા હતી.

વિજય રૂપાણીએ ૧૯૮૦થી ૯૦ના દાયકામાં રાજ્યમાં પાણીની જે વિકટ સ્થિતિ હતી તેનો ચિતાર આપતા ઉમેર્યું કે, સૌરાષ્ટ્ર-કચ્છમાં ટ્રેન દ્વારા પાણી, રાજ્યમાં ટેક્રરથી પાણી આપીને ટેક્રરરાજમાં ભ્રષ્ટાચાર થતો. પાણીના અભાવે લોકોને હિજરત કરવી પડતી.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ કે, પાણીની આવી વિકટ સ્થિતિના મૂળમાં કોંગ્રેસીઓની ભ્રષ્ટાચારી નીતિઓ અને અણઘડ આયોજન જવાબદાર છે. એમના સમયમાં માત્ર ૮ હજાર કરોડનું વાર્ષિક બજેટ હતું. ભારતીય જનતા પાર્ટીની સરકારમાં અમે ૨ લાખ ૧૦ હજાર કરોડનું બજેટ બનાવ્યું છે. એટલું જ નહીં, ભૂતકાળમાં માથાદીઠ ૪૫ લીટર પાણી રોજ મળતું તે હવે ૧૫૦ લીટર અપાય છે. અમે નો સોર્સ દૂર કરીને પાણીના નવા સોર્સ ઊભા કર્યા છે.

નર્મદા કેનાલ, સૌની યોજના, સુજલામ સુફલામ, ધરોઇ, કડાણા, ઉકાઇ જેવા મોટા ડેમ પરની વિવિધ યોજનાઓ દ્વારા સૌરાષ્ટ્ર-કચ્છ-ઉત્તર ગુજરાતમાં પાણી પહોંચાડ્યું છે તેમ જણાવતા મુખ્યમંત્રીએ કહ્યું કે, છેલ્લા ત્રણ જ દિવસમાં રાજ્યમાં ૨૨૭૬ કરોડના કામો પાણી પૂરવઠા-સિંચાઈ માટેના શરૂ કર્યા છે.

મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે કહ્યું કે, પાણી એ વિકાસની પ્રાથમિક જરૂરિયાત છે. ખેડૂતને પાણી, વીજળી, ખાતર, બિયારણ, ટેકાના ભાવે ખરીદી જેવી સવલતો મળે તો ગુજરાતનો ખેડૂત આખા જગતની ભૂખ ભાંગવાની તાકાત પોતાના બાવડમાં ધરાવે છે. મુખ્યમંત્રીએ ગુજરાતને ઉર્જા સરપ્લસ જેમ જ વૉટર સરપ્લસ સ્ટેટ બનાવવા પાણી, સિંચાઈ, કલ્પસર યોજના, નર્મદા યોજના જેવી અનેક યોજનાઓના સફળ અમલની કરાવવાની પ્રતિબદ્ધતા પણ દર્શાવી હતી.

નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યું કે, પીવાના પાણી અને સિંચાઈમાં ગુજરાત રાજ્ય આત્મનિર્ભર બને તે દિશામાં મક્કમતાથી આપણે આગળ વધી રહ્યા છીએ. ગુજરાતના તમામ શહેરો અને ગામડાઓમાં શુધ્ધ પીવાનું પાણી પુરતી માત્રામાં આપવા આ સરકાર સંકલ્પબધ્ધ છે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે રાજ્યના મુખ્યમંત્રીએ નલ સે જલ યોજનાને સફળ બનાવી રાજ્યની ૦૬.૩૦ કરોડ જનતામાંથી ૦૪ કરોડ નાગરિકોને નર્મદાનું પીવાનું પાણી આપવામાં આવી રહ્યું છે તેનો શ્રેય દેશના વડાપ્રધાનને જાય છે. આ યોજનાની કામગીરી ખુબ ઝડપથી પુર્ણ કરવામાં આવે છે તેવું પણ ભારપુર્વક જણાવ્યું હતું. મહેસાણા જિલ્લામાં હયાત પીવાના પાણીની વ્યવસ્થાને સુદ્રઢ અને સક્ષમ બનાવવા માટે વિસનગર તાલુકાના ૫૪ ગામો અને મહેસાણા, વિસનગર અને ઉંઝા શહેર માટે નર્મદા મુખ્ય નહેર આધારિત રૂ.૭૮.૯૪ કરોડની ભાગ૦૧ તેમજ રૂપિયા ૮૦.૨૬ કરોડની ભાગ ૦૨,૭૧.૫૩ કરોડની ભાગ ૦૩ યોજનાઓનુ ખાતમુર્હુત કરાયુ હતું.


આ ઉપરાંત વડનગર અને ખેરાલું તાલુકાના ૯૦ ગામો અને ખેરાલું તેમજ વડનગર શહેરની રૂ ૩૯.૪૨ કરોડની ધરોઇ જૂથ સુધારણા યોજનાનું ખાતમુર્હુત કરાયું હતું.જિલ્લાના સતલાણા તાલુકાના ૭૦ ગામો માટે રૂ ૦.૨૫ કરોડની ધરોઇ જુથ સુધારણા યોજના અને બેચરાજી શહેર માટે રૂ ૦૭.૨૦ કરોડના ૦૩ એમ.એલ.ડી ક્ષમતા ધરાવતા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું ખાતમુર્હુત કરાયું હતું.

રૂ. ૨૮૭ કરોડની પાણી પુરવઠાની ૦૬ મહત્વાકાંક્ષી યોજનાઓના ખાતમુર્હુત પ્રસંગે સંસદ સભ્ય શારદાબેન પટેલ, સંસદ સભ્યશ્રી પાટણ ભરતસિંહ ડાભી, રાજ્યસભા સાંસદ જુગલસિંહ લોખંડવાલા, ધારાસભ્ય સર્વે ઋષિકેશભાઇ પટેલ, ડો આશાબેન પટેલ, અજમલજી ઠાકોર, કરશનભાઇ સોલંકી, રમણભાઇ પટેલ, પાણી પુરવઠાના ચેરમેન ધનંજય દ્રિવેદી, સભ્ય સચિવ મયુરભાઇ મહેતા, જિલ્લા કલેકટર એચ.કે.પટેલ., જિલ્લા વિકાસ અધિકારી એમ.વાય.દક્ષિણી, યુ.જી.વી.સી. એલ એમડી મહેશસિંઘ, જિલ્લા પોલીસ અધિક્ષક ડો પાર્થરાજસિંહ ગોહિલ, નિવાસી અધિક કલેકટર પ્રદિપસિંહ રાઠોડ, નગરપાલિકા પ્રમુખ નવીનભાઇ, અગ્રણી જશુભાઇ સહિત પ્રબુધ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## જન્મદિને વધામણી



અનિરૂદ્ધભાઈ જી. બ્રહ્મભટ્ટ
મો. ૯૯૨૪૬ ૬૫૨૯૦



પ્રકાશ કે પટેલ



જૈનિલ સુનિલકુમાર શ્રીમાળી
મો. ૯૪૦૯૨ ૯૫૨૯૫



દિવ્ય દર્શનકુમાર જાની
મો. ૯૯૦૪૮ ૫૪૩૦૮



પ્રણવરાજ પી ઝાલા
મો. ૯૭૧૪૦ ૫૬૭૭૪



સ્મિત સંજીવકુમાર શર્મા
મો. ૯૯૨૫૪ ૮૩૯૯૭



માસ્ક પહેરો... કોરોનાથી બચો...



ગામ- માઢી - સર્વોદય આશ્રમ તાલુકા - વિજાપુર, જિલ્લો મહેસાણા ખાતે સર્વોદય આશ્રમની શોભામાં વધારો કરવાના ઉદ્દેશથી તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બરે સંસ્થા માટે જીવનભર સેવા આપનાર પરમ પૂજ્ય વસંતદાદા ના સહયોગથી આશ્રમના પ્રાંગણમાં આંબા, વડ, પીપળ વાવવાનું કામ પ્રારંભ કરવામાં આવ્યુ છે.

# કોવિડ-૧૯ રસી આવે ત્યાં સુધી માત્રને માત્ર સાવધાની એ જ રસી છે, માટે સાવધાન બનો

ચિલોડા, તા. ૮

કોવિડ-૧૯ સંક્રમણ સામે રસી આવે ત્યાં સુધી જનસમુદાય




એ કોરોના મુક્ત રહેવા માટે માત્રને માત્ર સાવધાની એજ રસી છે માટે સાવધાન બનવાની જરૂ છે. સાવધાની ઘટી દૂર્ઘટના ઘટી. દૂર્ઘટના ના ઘટે માટે સાવધાનીની જરૂર છે.



ગૂજરાત વિદ્યાપીઠ સાદરા -મહાદેવ ગ્રામસેવા સંકુલ - સાદરાના બીએ.,એમએ, વિભાગ દ્વારા પ્રત્યેક વિભાગોને વારંવાર જીવાણુમુક્ત કરવા માટે દવા છંટકાવ કરવામાં આવી રહ્યો છે. માસ્ક પહેરી કામ કરવામાં આવી રહ્યું છે. છ ફૂટ દૂર રહી કામકાજની આપલે કરવામાં આવી રહી છે. ઓનલાઈન શિક્ષણ કાર્ય સૌ અધ્યાપકોના કાર્યાલયમાં બેસી કરવામાં આવી રહ્યું છે. સંકુલના મુખ્ય દરવાજાથી આવનારનો થર્મલ સ્કેનીંગ સેસ્ટ કરી પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. ભારત સરકારના નિયમોનું પાલન કરી જનસમુદાયને સાવધાન રહેવા માટેનું ઉદાહરણ પુરું પાડવામાં આવી રહ્યું છે. સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલના માર્ગદર્શનથી આરોગ્ય કેન્દ્રના ચિકિત્સક ડૉ. નયનેસ વસાવાના સહકારથી સંકુલ સાદરામાં કોવિડ-૧૯ સંક્રમણ પ્રતિકારક સાવધાન રહી કાર્યો ચાલી રહ્યા છે.



એસ.એસ.વી કેમ્પસમાં સ્કુલના વિદ્યાર્થીઓએ ઓનલાઈન યોગા કરી કોવિડ -૧૯ થી બચવા પોતાની રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે યોગા અંગે માગદર્શન આપતા વીડ્યો બનાવી અન્ય વિદ્યાર્થીને યોગા અંગે પ્રોત્સાહન આપ્યું.

# માનસિક અપંગતા - સક્ષમ અને સમાવેશ

અમુક વ્યકિત ઓ જન્મ થી જ માનસિક કે શારીરિક રીતે અપંગ હોય છે. જ્યારે કોઈ ઘટના ને કારણે માનસિક અને શારીરિક રીતે અપંગ થઈ જતાં વ્યકિતઓ ને વિકલાંગ'' અને ''અપંગ'' ક્હેવામાં આવે છે.

હાલમાં માનસિક રીતે અપંગ વ્યકિતઓ ની સંખ્યા વધી રહી છે. આ માનસિક અપંગતા મગજની ખામી ને લીધે ઊભી થતી સ્થિતિ છે.

પહેલાં સમાજ ના વ્યકિતઓ આવા શારિરીક અને માનસિક અસ્વસ્થ વ્યકિતઓ





પ્રત્યે સહાનુભૂતિ અને બીજાં પર નિર્ભેર, બોજારૂપ અને પાગલ એમ ગણવામાં આવતા, ધીમે ધીમે સમય બદલાતા આવા વિકલાંગ વ્યકિતઓ એ પોતાના માં રહેલી આવડત દ્વારા, તેમના માં રહેલી ખામી ને અવગણીને સ્વ ની ખૂબી જોઈ અને સમજી ને તેને વિકસાવી, કોઈ ને કોઈ ક્ષેત્ર માં સિધ્ધિ પ્રાપ્ત કરી , પ્રગતિ ના શિખર શર કર્યા છે. તેઓ એમના દિવ્ય અંગો દ્વારા સફળતા ના સોપાન સર કરે છે. એટલે એમને ''દિવ્યાંગ'' તરીકેની નવી સકારાત્મક ઓળખ આપવામાં આવી છે.

સમાજે શારિરીક રીતે જે દિવ્યાંગ છે, એમને તો અપનાવ્યાંછે, પણ માનસિક રીતે જે દિવ્યાંગ છે એમને હજુ સુધી જોઈએ તેવો સમાજ તરફથી સહકાર નથી મળી રહ્યો. માનસિક દિવ્યાંગ તરફ હજુ પણ થોડા અંશે ઉપેક્ષા કરવામાં આવે છે. જે નિદનીય છે. માનિસક રીતે દિવ્યાંગ વ્યકિત ઓ પણ આપણા સમાજ નું અભિન્ન અંગ છે,

જે થોડા અંશે માનસિક રીતે દિવ્યાંગ છે, એમના માટે શૈક્ષણિક, સામાજીક, સાંસ્કૃતિક,શારીરિક , માનસિક તથા આથિંક રીતે સ્વનિર્ભેર બનાવવા અને સમાજ ના મુખ્ય પ્રવાહ માં સમાવેશ કરવો જોઈએ જેમ કે , શારીરિક પુનર્વસન,વ્યવસાયિક પુનર્વસન,વ્યવસાયિક શિક્ષણ સહિત,સમાજ માં સન્માનિત જીવન જીવવા માટે આથિંક પુનર્વસન , વિકલાંગ વ્યકિતઓ ને રમતો, મનોરંજન અને સાંસ્કૃતિક સુવિધા ઓ નો લાભ સરકાર વિવિધ રમતો , મનોરંજન અને સાંસ્કૃતિક પ્રવૃતિ ઓ માં ભાગ લેવાની તકો પ્રદાન કરે છે. સામાજીક રીતે સુરક્ષા મળે ,શિક્ષિત બની શકે તે માટે માનવ સંસાધનો ને વ્યાપક શિક્ષણ ,વિશેષ શિક્ષણ ,ઘર આધારીત શિક્ષણ ,શાળા પૂર્વે શિક્ષણ વગેરે ની શૈક્ષણિક તાલિમ આપી સ્વનિર્ભેર બની શકે તે માટે જરૂરી બધા જ પ્રકાર ની વ્યવસ્થા ઊભી કરી એમને પ્રોત્સાહિત કરી તેઓ ધ્યેય ને હાંસલ કરી શકે . વ્યક્તિત્વ વિકાસ ,કોમ્પ્યુટર તથા અંગ્રેજી ભાષા ની તાલિમ તથા આર્ટ એંડ ક્રાફ્ટ ની તાલિમ આપવી . મહિલાઓ ને સીવણકામ અને બ્યુટીપાલર્ર ની તાલીમ આપવી..માનસિક દિવ્યાંગો માટે અલગ હેલ્થ ક્લબ , યોગા તથા ફીટ્નેસ સેન્ટર તથા ફીઝીયોથેરાપી સેન્ટરો ઊભા કરવા.

હાલ માં વિકલાંગો માટે ઘણી યોજનાઓ અને સસ્થાઓ કાર્યરત છે. માનસિક વિકલાંગો માટે

પણ અનેક સંસ્થાઓ કાર્યરત છે, આજ ના ''વિશ્વ માનસિક વિકલાંગ દિવસે'' આપણે સંકલ્પ કરીએ કે ક્યારેય પણ તેમને આપણે આપણા થી ઓછા ના આંકી એ . તેમના તરફ આપણી લાગણી ઓ દયા ની નહીં પણ ગૌરવ ની હોવી જોઈએ.આપણા સાથ થી એમને પણ સમાજ માં આગવું સ્થાન પ્રદાન કરી શકીએ.

# રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની 'શૌર્યભૂમિ' ધંધુકા સ્થિત અમદાવાદ જિલ્લા પંચાયતના ઐતિહાસિક રેસ્ટ હાઉસનો રૂ. ૩૦ લાખના ખર્ચે જીર્ણોધ્ધાર કરાશે

## ૨૮ એપ્રિલ ૧૯૩૦ના રોજ તે સમયના ડાક બંગલામાં ઊભી કરાયેલ વિશેષ અદાલતમાં ઝવેરચંદ મેઘાણીએ 'સિંધુડો' માંથી દર્દભર્યું કાવ્ય 'છેલ્લી પ્રાર્થના' ગાયું ને મેજિસ્ટ્રેટ ઈસાણી સમેત સહુની આંખો આંસુભીની થઈ ગઈ હતી

'નથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે : ખબર છે આટલી કે માતની હાકલ પડી છે.' અંગ્રેજ સરકાર સામેના આઝાદીના જંગ વેળાએ રાજદ્રોહના ખોટા આરોપસર રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ધરપકડ કરીને ૨૮ એપ્રિલ ૧૯૩૦નાં રોજ તેમને ધંધુકાની વિશેષ અદાલતમાં રજૂ કરાયા. મેજિસ્ટ્રેટ ઈસાણીની અનુમતિ મેળવીને ૧૫ શૌર્યગીતોના પોતાના સંગ્રહ 'સિંધુડો'માંનું દર્દભર્યું ગીત 'હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ' ('છેલ્લી પ્રાર્થના') ઝવેરચંદ મેઘાણીએ ધીરગંભીર અવાજે ગાયું ત્યારે ઉપસ્થિત માનવમેદની તથા મેજિસ્ટ્રેટ ઈસાણી સમેત સહુની આંખો આંસુભીની થઈ. ઝવેરચંદ મેઘાણીને ૨ વર્ષની કેદની સજા ફરમાવાઈ અને સાબરમતી જેલમાં એમને રખાયા. તે વખતની સ્વાતંત્ર્ય-સંગ્રામની લડત પર આ પ્રસંગનો ખાસ્સો પ્રભાવ પડ્યો હતો.





જ્યાં ત્યારે વિશેષ અદાલત ઊભી કરાઈ હતી એ રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની 'શૌર્યભૂમિ' ધંધુકા સ્થિત તે સમયના ડાક બંગલા અને હાલ અમદાવાદ જિલ્લા પંચાયતના ઐતિહાસિક રેસ્ટ હાઉસનો રૂ. ૩૦ લાખના ખર્ચે જીર્ણોધ્ધાર કરવામાં આવશે. ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતી વર્ષ અને આ ઐતિહાસિક પ્રસંગની ૯૦મી જયંતીએ આનું સવિશેષ મહત્ત્વ છે.

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પૌત્ર, ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક અને મેઘાણીજી૧૨૫ના પ્રણેતા પિનાકી નાનકભાઈ મેઘાણી, ખ્યાતનામ લોકગાયક અભેસિંહ રાઠોડ, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત)ના નાયબ ઈજનેર આર. કે. પટેલ, ધંધુકા તાલુકા પંચાયતના ઉપપ્રમુખ અર્જુનસિંહ ચુડાસમા, અમદાવાદ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ સતિષભાઈ ટૂંડીયા, ધંધુકા નગરપાલિકાના પૂર્વ પ્રકાશભાઈ રામી, ધંધુકા તાલુકા ભાજપના પ્રમુખ ચંદ્રસિંહ ચુડાસમા, ઉપપ્રમુખ લાભુભાઈ પટેલ અને વિમેશભાઈ આચાર્ય, ધંધુકા શહેર ભાજપ પ્રમુખ રમેશભાઈ ચૌહાણ અને ઉપપ્રમુખ મયુરસિંહ ચુડાસમા, ચોટીલા એજ્યુકેશન એન્ડ ચેરિટી ટ્રસ્ટના કિરીટસિંહ રહેવર (મામા) અને મહિપતસિંહ વાઘેલા, રણજિતસિંહ રહેવર, પ્રો. ભરતસિંહ રહેવર, મહેન્દ્રસિંહ રહેવર, મિહીરસિંહ રાઠોડ, કોન્ટ્રાકટર વિજયરાજસિંહ રાણા અને મયુરસિંહ રાણાએ આ ઐતિહાસિક રેસ્ટ-હાઉસની મુલાકાત લઈને જીર્ણોધ્ધરનું કાર્ય નિહાળ્યું હતું. લોકગાયક અભેસિંહ રાઠોડે ઝવેરચંદ મેઘાણી કૃત 'સિંધુડો'માંથી શૌર્ય અને દેશપ્રેમનાં ગીતોનાં આસ્વાદ થકી સ્વરાંજલિ અર્પણ કરી. 'ભારતમાતાની જય', 'વંદે માતરમ', 'આઝાદી અમર રહો'નો સહુએ જયઘોષ પણ કર્યો હતો.

આ ઐતિહાસિક રેસ્ટ હાઉસ સ્મારક તરીકે વિકાસ પામે તે માટે ધંધુકાના પૂર્વ ધારાસભ્ય અને ભાજપ પ્રદેશ પ્રવક્તા ભરતભાઈ પંડ્યાની સતત પ્રેરણા,માર્ગદર્શન અને સહયોગ પ્રાપ્ત થયા છે. ગુજરાત સરકારના શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા તથા અમદાવાદ જિલ્લા પંચાયતના બાંધકામ સમિતિના ચેરમેન દિગપાલસિંહ ચુડાસમાનો પણ સહયોગ પ્રાપ્ત થયો છે.